# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-06-2026 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## શાળા પ્રવેશોત્સવ-અંજાર:

રાજ્યભરમાં ચાલી રહેલા ‘કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ’ના દ્વિતીય દિવસે અંજાર તાલુકાના ચંદિયા, સિનુગ્રા અને વીરા ખાતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં રાજ્ય કક્ષાના મંત્રી ત્રિકમભાઈ છાંગા ઉપસ્થિત રહીને ધોરણ ૧, ૯ અને ૧૧ ના બાળકોને કુમકુમ તિલક કરી શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ શાળામાં આવતા વિદ્યાર્થીઓને કોઈ પણ જાતની અગવડ ન પડે તે સુનિશ્ચિત કરવા તંત્ર અને શિક્ષકોને ટકોર કરી હતી. કાર્યક્રમ દરમિયાન ગત વર્ષના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું. મંત્રીશ્રીએ એસ.એમ.ડી.સી. ના સભ્યો સાથે બેઠક યોજી શિક્ષણને લગતા પ્રશ્નો સાંભળ્યા હતા અને તેના ઝડપી નિરાકરણની ખાતરી આપી હતી.

-------------------------------------------------------------------------------------------

## રામસર સાઈટ છારી ઢંઢ-માછલી મૃત્યુ ઘટના:

પશ્ચિમ કચ્છ વન વિભાગ હેઠળની નખત્રાણા રેન્જમાં આવેલા પ્રસિદ્ધ 'છારીઢંઢ કન્ઝર્વેશન રીઝર્વ ફોરેસ્ટ' રામસર સાઈટ વિસ્તારમાં મોટી સંખ્યામાં માછલીઓના મોતોની ઘટના પ્રકાશમાં આવી છે. વન વિભાગના પ્રાથમિક તારણ મુજબ, ઉનાળામાં પાણીનું સ્તર ઘટવું, પાણીમાં ખારાશ અને તાપમાનમાં વધારો તેમજ લીલની અતિશય વૃદ્ધિ જેવા પરિબળો આ માટે જવાબદાર છે. દર વર્ષે જૂન માસની શરૂઆતથી વરસાદના આગમન સુધી આ કુદરતી સિલસિલો જોવા મળે છે. સ્થાનિક માલધારીઓના જણાવ્યા અનુસાર, રણ વિસ્તારની સૂકી માટી ઉડવાથી માછલીઓ દ્રષ્ટિહીન બને છે. આ તમામ પ્રતિકૂળ કુદરતી પરિસ્થિતિઓને કારણે અહીં દર વર્ષે માછલીઓ મૃત્યુ પામે છે.

---

## પોલિયો વિરોધી રસી-ગાંધીધામ:

નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે અંતર્ગત આગામી ૨૮ જૂનના રવિવારે ગાંધીધામ કોર્પોરેશન વિસ્તારના ૧૯૭ બૂથો પર ૦ થી ૫ વર્ષના અંદાજિત ૬૭,૦૦૦ બાળકોને પોલિયો વિરોધી રસીના ટીપાં પીવડાવવામાં આવશે. આ રાષ્ટ્રીય અભિયાનને સફળ બનાવવા આરોગ્ય સ્ટાફ, આશાબહેનો, આંગણવાડી કાર્યકરો અને વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ સહિત કુલ ૭૮૮ સભ્યો જોડાશે.

અભિયાનના આયોજન માટે નાયબ મ્યુનિસિપલ કમિશનર સંજય રામાનુજની અધ્યક્ષતામાં ટાસ્ક ફોર્સની બેઠક યોજાઈ હતી, જેમાં એમ.ઓ.એચ. ડો. દિનેશ સૂતરિયાએ વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. મહાનગરપાલિકા દ્વારા રિક્ષા અને માઈક મારફતે આ અંગે વ્યાપક પ્રચાર-પ્રસાર કરવામાં આવશે.

---

## ભુજ અંધશાળા મકાન-કચ્છ વિકલાંગ ફેડરેશન:

છેલ્લા ૭૫ વર્ષથી નેત્રહીન બાળકોને શિક્ષણ આપતી ભુજની અંધશાળાનું મકાન જર્જરિત થતાં શાળા અન્યત્ર ખસેડવાના સરકારી પ્રયાસો શરૂ થયા છે. આ સ્થિતિમાં, નવું મકાન ન બને ત્યાં સુધી હંગામી વૈકલ્પિક વ્યવસ્થા કરી અભ્યાસકાર્ય ચાલુ રાખવા અખિલ કચ્છ વિકલાંગ ફેડરેશન દ્વારા માંગ કરાઈ છે.

વિકલાંગ મંડળોએ સહિયારી રજૂઆત કરી છે કે નેત્રહીનોનું શિક્ષણ અટકવું ન જોઈએ. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૧૯૫૧માં સંત ઓધવરામજી મહારાજ દ્વારા વાંઢાય ખાતે શરૂ કરાયેલી આ ઐતિહાસિક સંસ્થા પાછળથી ભુજ ખસેડાઈ હતી, જે સરહદી વિસ્તારના અસંખ્ય બાળકો માટે આશીર્વાદરૂપ બની છે.

---

## હવામાન-વરસાદ-યલો એલર્ટ:

દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આગળ વધીને આજે ગુજરાત, મધ્ય પ્રદેશ અને અરબી સમુદ્રમાં પ્રવેશી ચૂક્યું છે. સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય હોવાને કારણે હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં ભારે વરસાદનું 'યેલો એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ડાંગ અને સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગરમાં ભારે વરસાદની સંભાવના છે. આજથી થી ૩૦ જૂન દરમિયાન ૪૦ થી ૫૦ કિમીની ગતિએ પવન ફૂંકાવા અને વીજળીના કડાકા સાથે વરસાદી માહોલ રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે. દરિયા કિનારે પવનની ગતિ ૬૦ કિમી સુધી પહોંચી શકે તેમ હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

---

## મુંદરા-સર્જરી કેમ્પ-અદાણી ફાઉન્ડેશન:

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીના જન્મદિવસ નિમિત્તે અદાણી ફાઉન્ડેશન અને કચ્છ કોપર લિમિટેડના સહયોગથી મુન્દ્રા સરકારી દવાખાના ખાતે નિઃશુલ્ક મેગા જનરલ સર્જરી નિદાન અને સારવાર કેમ્પનું સફળ આયોજન કરાયું હતું. આ કેમ્પમાં હર્નિયા, હરસ-મસા અને એપેન્ડિક્સ જેવી બીમારીઓ માટે નિષ્ણાત તબીબોએ સેવા આપી હતી, જેમાં ૩૦૦થી વધુ દર્દીઓની તપાસ કરી ૧૪૦ લોકોને સર્જરી માટે રેફર કરાયા હતા. આ પ્રસંગે અદાણી ફાઉન્ડેશન દ્વારા મુન્દ્રા CHCને આધુનિક તબીબી સાધનો અર્પણ કરાયા હતા.

---

## રોજગાર ભરતી મેળો:

કચ્છ જિલ્લાના રોજગાર વંચ્છુ ઉમેદવારો માટે જિલ્લા રોજગાર કચેરી, ભુજ અને ઔદ્યોગિક તાલીમ સંસ્થા અંજારના સંયુક્ત ઉપક્રમે એક ભવ્ય જિલ્લા કક્ષાના એપ્રેન્ટીસશીપ અને રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભરતી મેળો તારીખ આવતીકાલે સવારે સાડા નવ કલાકે ITI અંજાર, બાયપાસ રોડ ખાતે યોજાશે. જેમાં ૧૮ થી ૩૫ વર્ષની ઉંમર ધરાવતા અને ધોરણ-૧૨ પાસ, આઈ.ટી.આઈ. કે ગ્રેજ્યુએટ થયેલા ઉમેદવારો ભાગ લઈ શકશે. ખાનગી ક્ષેત્રના પ્રતિષ્ઠિત નોકરીદાતાઓ રૂબરૂ ઉપસ્થિત રહીને લાયક ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા હાથ ધરશે.

---